ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# લઘુ ઉદ્યોગોના સતત પ્રગતિ તેમજ વિકાસ માટે ચેમ્બરમાં એમએસએમઇ કમિશનરશ્રીનો વિશેષ કાર્યક્રમ

## આદિજાતિ અને પછાત વર્ગો તથા ક્ષેત્રોમાં ઉદ્યોગો સ્થાપવા પહેલ કરવા ચેમ્બરને અનુરોધ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે મંગળવારે, તા. ૩૦ એપ્રિલ ૨૦૧૯ના રોજ શ્રી યોગેશ નીરગુડે (આઇએએસ), એમએસએમઇ (માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ) કમિશનર, ગુજરાત સરકારની સાથે લઘુ ઉદ્યોગોના સતત પ્રગતિ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કમિશનરશ્રીએ લઘુ ઉદ્યોગોના વિકાસાર્થે તેમજ નવા આંત્રપ્રિન્યોર્સને સ્વરોજગાર મેળવી અન્ય લોકોને પણ રોજગાર પુરી પાડવાની દિશામાં ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારની વિવિધ ઔદ્યોગિક પોલિસી વિશે માહિતી આપી પોલિસીનો લાભ લેવા જણાવ્યુ હતુ. સાથે જ સરકારને કલસ્ટર ડેવલપમેન્ટ માટે રસ હોવાનું જણાવી એ વિશે પ્રપોઝલ મોકલવા માટે ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો. વિશેષમાં તેમણે આદિજાતિ અને પછાત વર્ગો તથા ક્ષેત્રોમાં ઉદ્યોગો સ્થાપવા ઉપર ભાર મુકી તેના માટેની પહેલ કરવા ચેમ્બરને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દ્બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશના કુલ લઘુ ઉદ્યોગોમાંથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા લઘુ ઉદ્યોગો સ્થપાયેલા છે. આથી દક્ષિણ ગુજરાતને લઘુ ઉદ્યોગનું રાષ્ટ્રીય હબ કહેવાય છે. સુરતમાં ખાસ કરીને ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, પ્લાસ્ટીક, કેમિકલ અને પેટ્રો કેમિકલ્સ મોટાપાયે છે. તેમણે ચેમ્બરના ફલેગશીપ સમા એકઝીબીશન 'ઉદ્યોગ ૨૦૨૦'ની પણ માહિતી આપી હતી. જેમાં તમામ પ્રકારના લઘુ ઉદ્યોગોને પ્રમોટ કરવા માટે ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવે

છે. આ ઉદ્યોગોના વિકાસ માટે એમએસએમઇ વિભાગ તરફથી સંપૂર્ણ સપોર્ટ મળવો જોઇએ તેવો અનુરોધ તેમણે એમએસએમઇ કમિશનરશ્રીને કર્યો હતો.

ચેમ્બરના વાઇસ પ્રેસિડેન્ટ ઇલેક્ટ શ્રી દિનેશ નાવડિયાએ એમએસએમઇ કમિશનરશ્રીને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે, સુરતમાં ડાયમંડ માટે એક જ એસોસિએશન હોઇ ડાયમંડ ઇન્ડસ્ટ્રીને પ્રમોટ કરવા માટે સેમિનારો અને એક્ઝીબીશન માટે લિમિટેશન આવી જાય છે. આથી સરકાર તરફથી સ્ટોલ દીઠ મોટી રકમ ફાળવવી જોઇએ. જેથી ડાયમંડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે સારી રીતે કામ કરી શકે.

ચેમ્બરના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી જે.પી. સાયગલે તમામ ઉદ્યોગના અને એમએસએમઇ કમિશનરેટના સંબંધોની રૂપરેખા આપી હતી અને માર્કેટીંગ ડેવલપમેન્ટ સ્કીમ તેમજ અન્ય સ્કીમોમાં મળતા ફાયદાઓની સમજણ સાથે સરકારે તાજેતરમાં જે ચૂકવણીઓ કરી છે તે આવકાર્ય હોવાનું જણાવ્યુ હતુ. વિશેષમાં ભવિષ્યમાં ચેમ્બર દ્વારા લઘુ ઉદ્યોગોને આવરી લેતા તમામ પાસાઓને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ ઉદ્યોગ કમિશનરેટની સંપૂર્ણ મદદ રહેશે તેવો વિશ્વાસ પ્રગટ કર્યો હતો.

એમએસએમઇ કમિશનર શ્રી યોગેશ નીરગુડેએ ઉદ્યોગકારોને જણાવ્યુ હતુ કે, લઘુ ઉદ્યોગકારો માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં પ્લોટ લેવાથી માંડીને માર્કેટીંગ સુધીની સગવડ માટે નવી પોલિસી બહાર પાડવામાં આવી છે. ખાસ કરીને નવા આંત્રપ્રિન્યોર્સને ડેવલપ થવા હેતુ પ્લાન્ટ અને મશીનરી માટે સબસિડી આપવામાં આવે છે. આ તબક્કે ચેમ્બર દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપી સીઇડી તેમજ ઇડીઆઇમાં વિશેષ અભ્યાસ માટે મોકલી હેન્ડ હોલ્ડીગ સાથે વેપાર – ઉદ્યોગ શરૂ કરવા સુધીની મદદ આપવા માટે પહેલને આવકારી હતી.

તેમણે વધુમાં કહયુ કે, ગુજરાત સરકારને નવા કલસ્ટર ડેવલપમેન્ટ માટે રસ છે. ગુજરાતમાં ૨ કલસ્ટર બની ગયા છે અને અન્ય બે માટેની મંજૂરી આપી દીધી છે. સરકારને ગુજરાતમાં આવા ૫૦ કલસ્ટર બનાવી ઉદ્યોગોનો સંપૂર્ણ વિકાસ કરવો છે. નવા કલસ્ટર માટે સરકારની ૮૦–૨૦ની સ્કીમ ચાલુ છે. આ સ્કીમ હેઠળ સરકાર આખા પ્રોજેકટની ૮૦ ટકા રકમ જેટલી સબસિડી આપે છે. આ સ્કીમનો લાભ લેવા તેમણે ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો.

એમએસએમઇ કમિશનરશ્રીએ ચેમ્બરને વિશેષ સૂચન કર્યુ હતુ કે આવનાર સમયમાં એસસી – એસટી માટે સરકાર દ્વારા શરૂ કરેલ સંપૂર્ણ મદદની પહેલમાં પોતાનું યોગદાન આપવું જોઇએ તેમજ આદિવાસી ક્ષેત્રમાં પણ ઉદ્યોગો સ્થાપવા માટે પહેલ કરવી જોઇએ.

કાર્યક્રમમાં ઉપસ્થિત લઘુ ઉદ્યોગકારોએ એમએસએમઇ કમિશનરશ્રી સમક્ષ વિવિધ માંગણીઓ અને સૂચનો રજૂ કર્યા હતા. જેમાં ટ્રેડર્સને ઉદ્યોગ આધાર મળવો જોઇએ, નવા આંત્રપ્રિન્યોર્સને જીઆઇડીસીમાં નવા પ્લોટ આપવા જોઇએ, લઘુ ઉદ્યોગકારોને એલીજીબિલીટી સર્ટીફિકેટ આપવા જોઇએ, લુઝ ડાયમંડના એક્ઝીબીશન માટે સરકાર દ્વારા ફાળવવામાં આવતી રૂપિયા ૭ લાખની ગ્રાન્ટની રકમ વધારવી જોઇએ, સુરતમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર બનાવવુ જોઇએ, કોમન ફેસિલીટી સેન્ટર બનાવવુ જોઇએ, ટ્રેડમાર્ક અને કોપીરાઇટમાં સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે અને રાજયની બહાર અન્ય રાજયોમાં તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ એક્ઝીબીશન કરવા માટે સરકારે સબસિડી આપવી જોઇએ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

અંતે ચેમ્બરના વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી દિનેશ નાવડિયાએ એમએસએમઇ કમિશનરશ્રી તેમજ ઉદ્યોગપતિઓનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.